જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૨૩ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૩,૪૬,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# ચાઇનીઝ દોરી

## નિકોલ પોલીસ સ્ટેશન (૧)

### ગેરકાયદેસરની ચાઇનીઝ દોરીના રીલ નંગ-૧૮૦ કિંમત રૂપિયા ૩૬,૦૦૦/- તથા ઇક્કો ગાડી નં-GJ-18-BE-9590 જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૦૧,૮૬,૦૦૦/- ના મુદામાલ સાથે બે ઇસમને પકડી ચાઇનીઝ દોરીનો કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબશ્રી તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૫ સાહેબશ્રી તથા મે. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગ દર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશનનના પોલીસ ઈન્સ્પેકટર શ્રી કે.ડી.જાટ નાઓને સુચના કરેલ કે નજીકના તહેવારમા ઉત્તરાયણનો તહેવાર આવતો હોય જેથી ચાઇનીઝ દોરી વેચાણ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેશરની કાર્યવાહી કરવા જણાવેલ જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ જે.એલ.સિસોદીયા તથા એ.એસ.આઇ રાજેંન્દ્રસિહ જશવંતસિહ બ.નં-૫૨૧૭ તથા અ.હેડ.કોંન્સ જયદિપસિહ ગનુભા બ.નં-૫૪૪૩ તથા અ.પો.કો. યોગેશકુમાર કાંતીલાલ બ.નં.૪૬૬૯ તથા અ.પો.કો. મેહુલકુમાર બાબુભાઇ બ.નં.૬૩૬૬ તથા પો.કો અજયકુમાર મીઠાભાઇ બ.નં.૧૨૭૫૪ તથા પો.કો પંકજ કાળીદાસ બ.નં.૪૧૦૩ તથા પો.કો કુલદીપસિંહ ગણપતસિંહ બ.નં.૫૦૦૩ નાઓ પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો અજયકુમાર મીઠાભાઇ બ.નં.૧૨૭૫૪ તથા પો.કો પંકજ કાળીદાસ બ.નં.૪૧૦૩ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આજરોજ તા-૦૩/૦૧/૨૦૨૩ ના કલાક-૨૧/૪૫ વાગ્યે નિકોલ દેવસ્ય સ્કુલ ચાર રસ્તા ખાતે જાહેરમા આરોપીઓ (૧) મહેશ સ/ઓ દિપાજી મંગાજી ગોહીલ ઉ.વ.૨૪ ધંધો-ખેતીકામ હાલ રહેવાસી- ગામ-કરમીપુરા તા-તલોદ જી-સાબરકાંઠા મુળ રહેવાસી- ગામ-બીલમણા તા-દહેગામ જી-ગાંધીનગર તથા (૨) અક્ષયકુમાર સ/ઓ અજીતસિંહ ગાંડાજી પરમાર ઉ.વ.૨૦ ધંધો-ખેતીકામ રહેવાસી- ગામ-કરમીપુરા તા-તલોદ જી-સાબરકાંઠા નાઓ પોતાના કબ્જાની ઇક્કો ગાડી નં- GJ-18-BE-9590 જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/- ની પાછળની સીટમાં એક પ્લાસ્ટીકના કંતાનમા તથા બે ખાખી કલરના ખોખામાં પ્રતિબંધીત ચાઇનીઝ દોરી ના ટ્રેલર નંગ-૧૮૦ કિ.રૂ.૩૬૦૦૦/- ની રાખી કુલ્લે કિ.રૂ. ૦૧,૮૬,૦૦૦/- ના મત્તા સાથે મળી આવી ચાઇનીઝ દોરીથી મનુષ્ય તથા પશુ પક્ષીઓને હાની પહોચતી હોવાથી મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ના જાહેરનામા ક્રમાક વિ.શાખા/એ સેકશન/પરમીટ/મકરસ્ક્રાંતી/૧૪૨/૨૦૨૨ તા.૧૬/૧૨/૨૦૨૨ થી જાહેરનામુ બહાર પાડી પ્રતિબંધ મુકેલ હોવા છતા સદરી આરોપીઓ ગેર કાયદેશર દોરીની રીલ સાથે પકડાઇ ગયેલ હોય જેથી આરોપીઓ વિરુધ્ધમા નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૩૦૦૦૭/૨૦૨૩ ધી ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ કાયદેશરની કાર્યવાહી કરી ચાઇનીઝ દોરીનો કેસ શોધી કાઢિ પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે.



## નિકોલ પોલીસ સ્ટેશન (૨)

## ગેરકાયદેસરની ચાઇનીઝ દોરીના રીલ નંગ-૨૬ કિંમત રૂપિયા ૫૨૦૦/- ની મત્તાના મુદામાલ સાથે એક ઇસમને પકડી ચાઇનીઝ દોરીનો કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબશ્રી તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૫ સાહેબશ્રી તથા મે. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગ દર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશનનના પોલીસ ઈન્સ્પેકટર શ્રી કે.ડી.જાટ નાઓને સુચના કરેલ કે નજીકના તહેવારમા ઉત્તરાયણનો તહેવાર આવતો હોય જેથી ચાઇનીઝ દોરી વેચાણ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેશરની કાર્યવાહી કરવા જણાવેલ જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ જે.એલ.સિસોદીયા તથા એ.એસ.આઇ રાજેંદ્રસિહ જશવંતસિહ બ.નં-૫૨૧૭ તથા અ.હેડ.કોંન્સ જયદિપસિહ ગનુભા બ.નં-૫૪૪૩ તથા અ.પો.કો. યોગેશકુમાર કાંતીલાલ બ.નં.૪૬૬૯ તથા અ.પો.કો. મેહુલકુમાર બાબુભાઇ બ.નં.૬૩૬૬ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.પો.કો. યોગેશકુમાર કાંતીલાલ બ.નં.૪૬૬૯ તથા અ.પો.કો. મેહુલકુમાર બાબુભાઇ બ.નં.૬૩૬૬ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આજરોજ તા-૦૩/૦૧/૨૦૨૩ ના કલાક-૧૯/૪૫ વાગ્યે કઠવાડા ગામ ગુ.હા.બોર્ડના મકાન આગળ જાહેરમા પતંગ-દોરાની લારી ઉપરથી એક આરોપી અરૂણ સ/ઓ લક્ષ્મણભાઇ કુલજીભાઇ જાતે-પટણી ઉવ-૨૦ ધંધો.નોકરી રહે,મ.નં.૩૦૯ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમા, જોગણીમાતાના મંદિરની પાસે કઠવાડા સિંગરવા રોડ કઠવાડા અમદાવાદ શહેર નાઓની પાસેથી ગેરકાયદેશરની ચાઇનીઝ દોરીની રીલ નંગ-૨૬ કિં રૂ ૫૨૦૦/- ના મુદામાલ સાથે મળી આવેલ હોય અને આવી ચાઇનીઝ દોરીથી મનુષ્ય તથા પશુ પક્ષીઓને હાની પહોચતી હોવાથી મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ના જાહેરનામા ક્રમાક વિ.શાખા/એ સેકશન/પરમીટ/મકરસ્ક્રાંતી/૧૪૨/૨૦૨૨ તા.૧૬/૧૨/૨૦૨૨ થી જાહેરનામુ બહાર પાડી પ્રતિબંધ મુકેલ હોવા છતા સદરી આરોપી ગેર કાયદેશર દોરીની રીલ સાથે પકડાઇ ગયેલ હોય જેથી આરોપી વિરુધ્ધમા નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૩૦૦૦૬/૨૦૨૩ ધી ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ કાયદેશરની કાર્યવાહી કરી ચાઇનીઝ દોરીનો કેસ શોધી કાઢિ પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭૦ બિયર ટીન, ૨ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** ગોપાલભાઇ ખીમાજી પ્રજાપતિ (રહે. નીલદિપ એપાર્ટમેન્ટ વિશ્રામનગર સામે ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોપાલભાઇ પ્રજાપતિને કાર ખરીદ કરવાની હોઈ કાર લે-વેચ કરતા આરોપી પિયુષભાઇ મહેશભાઇ પટેલ (જેના સરનામાની ખબર નથી) નો સંપર્ક કર્યો હતો. તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પિયુષભાઇ મહેશભાઇ પટેલે ગોપાલભાઈ પ્રજાપતિને ગાડી બતાવી ભાવ નક્કી કરી ગોપાલભાઈ પ્રજાપતિ પાસેથી રૂપિયા ૧,૪૯૦૦૦/- મેળવી લઈ ગાડી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫/૨૦૨૩**

**વાડજઃ** દિપક બળદેવભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે.ડાહ્યાભગતની ચાલી રોહીદાસવંશીનગર રામાપીરનો ટેકરો જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૨ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૧/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જીજ્ઞેશભાઇ પ્રવિણભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** હર્ષદભાઇ પ્રવિણભાઇ દવે (ઉ.વ.૫૫) (રહે. ગાંધીવાસ નંબર-૦૧ છેલ્લી લાઇન સ્ટેડીયમ રોડ સાબરમતી) એ બીમારીથી કંટાળી તા.૦૨/૦૧/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** નયનાબહેન વા/ઓ વિપુલભાઇ ઠાકોર (ઉ.વ.૨૩) (રહે. ભુમિ ટેનામેન્ટ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવિઝન ચલાવે છે.

**નારોલઃ** દેવ સ/ઓ રમેશભાઇ ઠાકોર (ઉ.વ.૧૭) (રહે.ઈન્દીરાનગરનાં છાપરાં વિશ્વ ભારતી સ્કુલ સામે શાહવાડી નારોલ) એ બિમારીથી કંટાળી તા.૦૩/૦૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી